# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

---

વિષયઃ–રાજયમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારી/અધિકારીના પેન્શન કેસની ચકાસણી નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ ધ્વારા કરવા બાબત.

**<u>વંચાણે લીધાઃ</u>** (૧) ગુજરાત સરકારશ્રી, નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપશન/૧૦૨૦૧૪/ડી–૧૯૫–પી, તાઃ ૦૨/૦૧/૨૦૧૬ જે આ કચેરીના શેરા ક્રમાંકઃ૨૫૫–૩૦૦ તાઃ ૧૧/૦૧/૨૦૧૬થી આ યુનિ.માં પરિપત્રિત કરેલ છે.

(૨) <u>ગુ.મુ.સે.(પેન્શન)નિયમો–૨૦૦૨નાં નિયમોની વિવિધ જોગવાઈઓ.</u>

## <u>પરિપત્ર</u>

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ તથા નિયંત્રણ અધિકારીશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ–૧ના ઠરાવથી આ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થતાં તમામ અધિકારી/ કર્મચારીશ્રીઓના પેન્શન કેસ અધિકૃત કરી તેની ચૂકવણી કરતા પહેલા, પેન્શન તથા આનુષંગિક લાભોની ગણતરી નિયમોને આધિન છે તે પ્રકારનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ પાસેથી મેળવ્યા બાદ જ પેન્શન તથા આનુષંગિક લાભોની ચૂકવણી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આ યુનિવર્સિટીમાં તાઃ ૦૧/૦૧/૨૦૧૬ અને ત્યાર પછી નિવૃત્ત થતા તમામ અધિકારી/કર્મચારીઓના નિવૃત્તિના લાભો સમયસર ચૂકવી શકાય તે માટે સરકારીશ્રીના જુદા જુદા ઠરાવો/પરિપત્રો ધ્વારા થયેલ સૂચનાઓ તથા ઉકત વંચાણે લીધા ક્રમ–૨માં થયેલ જોગવાઈઓને ધ્યાને લઈ કર્મચારીઓનાં પેન્શન કેસો તેમની વય નિવૃતિનાં ચોવીસ (૨૪) માસ અગાઉથી જરૂરી કાર્યવાહી શરુ કરવાની રહેતી હોય છે, જેમકે સેવાપોથીમાં જરૂરી પૂર્તતાઓ તથા પગારની લોકલ ફંડ ઓડીટ ખરાઈ વગેરે અને તે રીતે નિવૃતિનાં બાર માસ અગાઉ પેન્શન કેસો આ કચેરીએ રજુ કરી આપવાના થાય છે.

નિવૃત્ત થતા અધિકારી/કર્મચારીના પેન્શન દરખાસ્તો સમયસર અને યોગ્ય રીતે રજુ ન થવાથી પેન્શન કેસો આખરી કરી શકાતા નથી, પરિણામે પેન્શનરોમાં અસંતોષની લાગણી ફેલાતી હોય છે તેમજ પેન્શનરો તરફથી અવાર–નવાર મહાનુભાવો દ્વારા સીધી આ કચેરીને ભલામણો કરાવવામાં આવે છે, હકીકતમાં અત્રેની કચેરીએ વિના કારણે પેન્શન કેસો પેન્ડીગ રાખવામાં આવતા નથી. જે તે કચેરીના વડા/નિયંત્રણ અધિકારીશ્રીએ તેમનાં તાબા તળેનાં નિવૃત થનાર અને થઈ ગયેલા મહેકમનાં નિવૃતિ લાભો મંજુરી/સુધારણા અંગે ઘટતી જરૂરી કાર્યવાહી અગ્રિમતાનાં ધોરણે કરી સમય મર્યાદામાં કેસો રજુ કરી આપવાના રહેશે, આ બાબતે જે તે કિસ્સામાં ઉપેક્ષા થતી જણાશે તો તે બાબતે જે તે કચેરીના વડાશ્રીની જવાબદારી રહેશે જે જાણ સારૂં.

હિસાબ નિયામક

---

જા.નં. નકૃયુ/હિનિ/પેન્શન–મંજુરી/પરિપત્ર/ ૪૯૪–૫૫૩ તારીખઃ ૨૨/૦૧/૨૦૧૬

**<u>નકલ સવિનય રવાના પ્રતિઃ</u>**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા અર્થે

(૨) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ...

(૩) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

(૪) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

(૫) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, નવસારી તરફ...જરૂરી કાર્યવાહી થવા સારુ.